# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 26-07-2025** **MIDDAY: 1.20 TO 1.30**
**Day : SATURDAY** **National News**

આકાશવાણી સમાચાર **સોનલ પરમાર** વાંચે છે.

**************************************************

1. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ માલદીવના ઉપરાષ્ટ્રપતિ હુસૈન મોહમ્મદ લતીફ સાથે બેઠક યોજી... 60મા સ્વતંત્રતા દિવસ ઉજવણીમાં ગેસ્ટ ઓફ ઓનર તરીકે ઉપસ્થિત રહેશે
2. પ્રધાનમંત્રી માલદીવ્સથી પરત ફર્યા બાદ આજે તામિલનાડુના પ્રવાસે
3. સૈનિકાના અદમ્ય સાહસના પ્રતિક સમા કારગિલ વિજય દિવસની દેશભરમાં ઉજવણી પ્રસંગે લશ્કરી વડાએ કહ્યું કે ઓપરેશન સિંદુર સંપૂર્ણ સફળ રહ્યું
4. પ્રધાનમંત્રી આવતીકાલે સવારે મન કી બાત કાર્યક્રમમાં દેશવાસીઓ સમક્ષ પોતાના વિચારો રજૂ કરશે.
5. દેશભરની 10 કરોડથી વધુ મહિલાઓનું સર્વાઇકલ કેન્સર માટે સ્ક્રીનીંગ કરાયું

...................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો....**

## PM MALDIVES-VP

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે માલદીવના ઉપરાષ્ટ્રપતિ હુસૈન મોહમ્મદ લતીફ સાથે બેઠક યોજી હતી. આ બેઠકમાં વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકર, રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજીત ડોભાલ, વિદેશ સચિવ વિક્રમ મિસરી અને બંને દેશોના વરિષ્ઠ અધિકારીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા.

પ્રધાનમંત્રી માલદીવના અન્ય મહાનુભાવોની સાથે પણ બેઠક કરી રહ્યા છે. માલદીવ આજે તેનો 60મો સ્વતંત્રતા દિવસ ઉજવી રહ્યું છે અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આ સમારોહમાં 'ગેસ્ટ ઓફ ઓનર' હશે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ માલદીવના નાગરિકોને શુભેચ્છાઓ પાઠવી હતી.

### (બાઈટ – પીએમ મોદી, માલદીવ)

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## JAISHANKAR MALDIVES

વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે માલદીવની સરકાર અને જનતાને તેમની આઝાદીની ડાયમંડ જ્યુબિલી ઉજવણી પર અભિનંદન પાઠવ્યા છે. તેમણે નોંધ્યું હતું કે ભારત અને માલદીવ પણ 60 વર્ષના રાજદ્વારી

સંબંધોની ઉજવણી કરી રહ્યા છે અને હિંદ મહાસાગર ક્ષેત્રમાં શાંતિ, સમૃદ્ધિ અને સ્થિરતા માટે ભાગીદારીને વધુ મજબૂત કરવાની ભારતની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો હતો

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## PM TN VISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજથી તમિલનાડુની બે દિવસની મુલાકાત લઈ રહ્યા છે. યુકે અને માલદીવથી પરત ફર્યા બાદ તેઓ સીધા તુતીકોરિન જશે જ્યાં તેઓ આજે ચાર હજાર 800 કરોડ રૂપિયાના વિકાસ પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કરશે.

જેમાં તુતીકોરિન એરપોર્ટ પર નવી ટર્મિનલ બિલ્ડિંગ, સેઠિયાટોપ્પુ-ચોલાપુરમનું ચાર લેનિંગ, તુતીકોરિન બંદર રોડનું છ લેનિંગ, મદુરાઈ-બોદિનાયકનુર રેલ્વે લાઇનનું વીજળીકરણ અને નાગરકોઇલ-કન્યાકુમારી સેક્શનનું ડબલિંગ શામેલ છે.

શ્રી મોદી કૂડનકુલમ પરમાણુ વીજ પ્લાન્ટમાંથી વીજળીની નિકાસ માટે આંતર-રાજ્ય પ્રણાલીનો શિલાન્યાસ પણ કરશે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે તમિલનાડુના ગંગાઈકોંડા ચોલાપુરમ ખાતે આદિ તિરુવતિરાઈ મહોત્સવના સમાપન સમારંભમાં ભાગ લેશે. આ વિશેષ ઉજવણી રાજેન્દ્ર ચોલાના દક્ષિણ પૂર્વ એશિયામાં સુપ્રસિદ્ધ

દરિયાઈ અભિયાનના **1,000** વર્ષ પૂર્ણ થવાની અને ચોલા સ્થાપત્યના ભવ્ય ઉદાહરણ, પ્રતિષ્ઠિત ગંગાઈકોંડા ચોલાપુરમ મંદિરના નિર્માણની શરૂઆતની સ્મૃતિમાં યોજાઈ રહી છે.

તમિલનાડુના સંસ્કૃતિમંત્રી અને રાજ્યપાલ આર.એન. રવિ, કેન્દ્રીય સંસ્કૃતિ અને પર્યટન મંત્રી ગજેન્દ્ર સિંહ શેખાવત અને માહિતી અને પ્રસારણ અને સંસદીય બાબતોના રાજ્યમંત્રી ડૉ. એલ. મુરુગન, અન્ય મહાનુભાવો પણ આ કાર્યક્રમમાં જોડાશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## DAY KARGIL VIJAY DIWAS - PREZ- PM

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કારગિલ યુદ્ધના શહીદોને શ્રદ્ધાંજલિ આપી છે. રાષ્ટ્રપતિએ પોતાના સંદેશમાં કહ્યું કે આ દિવસ દેશના સૈનિકોની અસાધારણ બહાદુરી, હિંમત અને દૃઢ નિશ્ચયનું પ્રતીક છે. તેમણે કહ્યું કે રાષ્ટ્ર માટે તેમનું સમર્પણ અને સર્વોચ્ચ બલિદાન નાગરિકોને હંમેશા પ્રેરણા આપતું રહેશે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે આ પ્રસંગ એ બહાદુર સપૂતોની અપ્રતિમ હિંમત અને બહાદુરીની યાદ અપાવે છે જેમણે રાષ્ટ્રના ગૌરવનું રક્ષણ કરવા માટે પોતાનું જીવન સમર્પિત કર્યું. આ પ્રસંગે સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે કહ્યું કે દેશ હંમેશા તેના બહાદુર સૈનિકોની સેવાનો ઋણી રહેશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## ARMY CHIEF- VIJAY DIWAS

આર્મી ચીફ જનરલ ઉપેન્દ્ર દ્વિવેદીએ જણાવ્યું હતું કે ઓપરેશન સિંદૂર દરમિયાન, ભારતીય સશસ્ત્ર દળોએ કારગિલ જેવી જ બહાદુરી બતાવી, પાકિસ્તાનના આતંકવાદી માળખાનો નાશ કર્યો અને નિર્ણાયક વિજય મેળવ્યો.

દ્રાસમાં 26મા કારગિલ વિજય દિવસ નિમિત્તે કારગિલ યુદ્ધ સ્મારક ખાતે શહીદ સૈનિકોને શ્રદ્ધાંજલિ આપ્યા બાદ, જનરલ દ્વિવેદીએ તાજેતરના ઓપરેશન સિંદૂર પર પ્રકાશ પાડ્યો.

તેમણે કહ્યું કે ભારતીય સેનાએ દુશ્મનના આક્રમણના જવાબમાં આતંકવાદી માળખા પર નિર્ણાયક રીતે હુમલો કર્યો. તેમણે ભાર મૂક્યો કે ભારતે શાંતિની ઓફર કરી હતી પરંતુ કાયરતાપૂર્ણ હુમલા બાદ તેનો ભારતે હિંમતથી જવાબ આપ્યો.

## બાઇટ- ઉપેન્દ્ર દ્વિવેદી, આર્મી ચીફ

લક્શકરી વડાએ  દેશની મજબૂત હવાઈ સંરક્ષણ પ્રણાલીની પણ પ્રશંસા કરી, તેને ડ્રોન અને મિસાઇલ હુમલાઓ સામે શક્તિશાળી ઢાલ ગણાવી.

તેમણે 1999 માં ઓપરેશન વિજયમાં સૈનિકોની બહાદુરીને યાદ કરી જેમણે પાકિસ્તાની દળો પાસેથી પર્વતીય પ્રદેશની ચોકીઓ પાછી મેળવી લીધી અને  શાંતિ માટે બલિદાન આપનારા શહીદોને સલામ કરી. આર્મી ચીફએ કહ્યું કે આખો દેશ ફરજ બજાવતા પોતાના જીવનું બલિદાન આપનારા યોદ્ધાઓના પરિવારોને સલામ કરે છે.

## બાઇટ- બાઇટ- ઉપેન્દ્ર દ્વિવેદી, આર્મી ચીફ

કેન્દ્રીય મંત્રીઓ મનસુખ માંડવિયા અને સંજય સેઠે પણ આજે સવારે કારગિલ યુદ્ધ સ્મારક ખાતે શહીદ નાયકોને શ્રદ્ધાંજલિ અર્પી..

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

**આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી YOUTUBE ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ NEWSONAIR.GOV.IN/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.**

**(ગોન્ગ મ્યુઝિક)**

. . . . . . . . . . . . .

# PM-MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે સવારે 11 વાગે આકાશવાણી પરથી પ્રસારિત થનાર 'મન કી બાત' કાર્યક્રમમાં વિવિધ વિષયો ઉપર પોતાના વિચારો રજૂ કરશે. માસિક રેડિયો કાર્યક્રમની આ 124મી કડી હશે.

હિન્દીમાં મન કી બાતના પ્રસારણ બાદ ગુજરાતીમાં તેનો ભાવાનુવાદ પ્રસારિત કરાશે.

આ કાર્યક્રમ આકાશવાણી અને દૂરદર્શનના સમગ્ર નેટવર્ક, આકાશવાણી ન્યૂઝ વેબસાઇટ અને ન્યૂઝ ઓન એર મોબાઇલ એપ્લિકેશન પર પ્રસારિત કરવામાં આવશે. આકાશવાણી સમાચાર, દૂરદર્શન સમાચાર, પીએમઓ અને માહિતી અને પ્રસારણ મંત્રાલયની યુટ્યુબ ચેનલો પર પણ તેનું જીવંત પ્રસારણ કરવામાં આવશે.

આ ઉપરાંત આવતીકાલે રાત્રે આઠ વાગે રાજ્યના તમામ આકાશવાણી કેન્દ્રો પરથી મન કી બાત કાર્યક્રમના ગુજરાતી ભાવાનુવાદનું પુનઃ પ્રસારણ કરાશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## CERVICAL CENCAR SCREENING

આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયે દેશભરમાં 30 વર્ષ અને તેથી વધુ ઉંમરની 10 કરોડ 18 લાખથી વધુ મહિલાઓનું સર્વાઇકલ કેન્સર માટે સ્ક્રીનીંગ કરીને મહિલા સ્વાસ્થ્યમાં એક મોટું સીમાચિહ્ન હાંસલ કર્યું છે. આ સિદ્ધિ રાષ્ટ્રીય આરોગ્ય મિશન (NHM) હેઠળ આયુષ્માન આરોગ્ય મંદિરો દ્વારા અમલમાં મુકવામાં આવી રહેલી બિન-ચેપી રોગોની

સ્ક્રીનીંગ, નિવારણ અને વ્યવસ્થાપન માટેની વસ્તી-આધારિત પહેલનો એક ભાગ છે.

આ પહેલ 30થી 65 વર્ષની મહિલાઓને લક્ષ્ય બનાવે છે, જેમાં મુખ્યત્વે AAM હેઠળ પેટા-આરોગ્ય કેન્દ્રો અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં એસિટિક એસિડ (VIA) સાથે દ્રશ્ય નિરીક્ષણનો ઉપયોગ કરીને પ્રશિક્ષિત આરોગ્ય કાર્યકરો દ્વારા સ્ક્રીનીંગ કરવામાં આવે છે. VIA-પોઝિટિવ કેસોને વધુ નિદાન મૂલ્યાંકન માટે ઉચ્ચ કેન્દ્રોમાં રીફર કરવામાં આવે છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .